# CRMA/127/2026

| GJKT180002782026 | રજી.લીધા તારીખ | : | 11-03-2026 |
|---|---|---|---|
| | ફેસલ તારીખ | | 27-03-2026 |
| | સમયગાળો | | વર્ષ ૦૦ / માસ ૦૦ / દિવસ 16 |

---

**કચ્છના મહેરબાન પાંચમા અધિક સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મું–ભચાઉ–કચ્છ.**

---

**CRMA/127/2026**

**આંક :-**

| | | | |
|---|---|---|---|
| અરજદાર | : | | **Applicant:**<br>DHUDARAM BANKARAM; Age: 44<br>Address: KOTHE KA TALA, DHARASAR, BADMER, RAJASTHAN |
| | | | **VERSUS** |
| સામાવાળા | : | | **Opponent:**<br>The State Of Gujarat<br>Address: Agp Office Additional District Court Buildingbhachau Dist- Kachchh |

---

Advocate For Applicant: H.B.VAGHELA, V.D.GADHAVI
Advocate For Opponent: AGP

---

| | | |
|---|---|---|
| **બાબત** | : | સી.આર.પી.સી.ની કલમ– ૪૫૧ મુજબ મુદ્દામાલ પરત મેળવવા અંગેની અરજી લગત હુકમ.... |

---

## –:: ચૂકાદો ::–

(૧) અરજદારે ભચાઉ પો.સ્ટે. ગુના રજી.નં– આઈ. ૧૨૫/૨૦૧૬ આઈ.પી.સી.ની કલમ– ૩૯૪, ૩૯૭, ૩૩૬, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ– ૧૩૫ મુજબના ગુના સબબ મુદ્દામાલ રોકડ રૂપિયા ૧૭,૭૦૦/– કબજે લેવામાં આવેલ છે, તે મુદ્દામાલ પરત મેળવવા અરજી કરેલ છે. અરજી સંદર્ભે અરજદારના વિદ્વાન વકીલશ્રી તથા સામાવાળા શ્રી સરકાર તરફે વિદ્વાન એ.પી.પી.શ્રીને સાંભળવામાં આવેલ છે.

(૨) અરજદારે જે રકમ માંગેલ છે તે રકમ આપવા સામે સામાવાળા એટલે કે, આરોપીઓ એટલે કે, જેમની પાસેથી રોકડ રકમ કબજે થયેલ છે તેમને વાંધો નથી તેવી પુરશીશ આંક–૬ થી રજુ થયેલ છે. ઉપરાંત સદર આરોપીઓના વિ.વ.શ્રી એચ.બી.વાઘેલા તથા વી.ડી. ગઢવી દ્વારા અરજદારે માંગેલ રકમ અરજદારને પરત આપવામાં આવે તો વાંધો નથી તેમ જણાવેલ છે. સદર રકમનો આરોપી સિવાય અન્ય કોઈએ કલેમ કરેલ નથી. અરજદાર દ્વારા જ લૂંટ સંબંધેની ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. સદર લૂંટની ફરીયાદમાં અરજદાર રોકડ રકમની પણ લૂંટ થયેલ હોવાનું જણાવે છે. તે સંજોગોમાં માંગવામાં આવેલ રોકડ રકમ રૂપિયા ૧૭,૭૦૦/– અરજદારને યોગ્ય જામીન લઈ પરત કરવાનો હુકમ વ્યાજબી અને ન્યાયિક જણાતું હોય નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: આ ખ રી હૂ ક મ ::–

(૧) અરજદારની હાલની અરજી **મંજુર** કરવામાં આવે છે.

(૨) ક્રિ.પ્રો.કો. કલમ–૪૫૧ (બી.એન.એસ.એસ.ની કલમ– ૪૯૭) મુજબ હાલના અરજદારે ભચાઉ પો.સ્ટે. ગુના રજી.નં– આઈ. ૧૨૫/૨૦૧૬ આઈ.પી.સી.ની કલમ– ૩૯૪, ૩૯૭, ૩૩૬, ૧૧૪

તથા જી.પી.એક્ટની કલમ– ૧૩૫ મુજબના ગુનાના કામે કબજે થયેલ રોકડ રકમ ૧૭,૭૦૦/– ની વ્યાજ સાથેની રકમ અરજદારને દોઢી રકમના જામિન તથા જાત મુચરકા રજુ કર્યેથી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

– હુકમ આજરોજ તારીખ :–૨૭, માહે :–માર્ચ, સને :– ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તારીખ :-૨૭/૦૩/૨૦૨૬<br>સ્થળ :- ભચાઉ.<br><br>J.H.GOHIL | (ભરત લાલચંદ ચોઇથાણી)<br>પાંચમા અધિક ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ<br>કચ્છ ભચાઉ<br>(કોડ નં.જીજે૦૦૬૯૦) |